# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-04-2024 Morning : 7.45 to 7.55

Day : Tuesday National News

**આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.**

***************************************************

- ચૂંટણી પંચના જણાવ્યા મુજબ લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે નામો પરત ખેંચાયા બાદ એક હજાર છસો પચીસ ઉમેદવારો મેદાનમાં.
- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા અને બીજા તબક્કા માટેનો પ્રચાર વેગીલો બન્યો છે.
- કોંગ્રેસે તેના ઢંઢેરામાં પ્રધાનમંત્રીની ટિપ્પણીઓ અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરી.
- દેશમાં આજે ચૈત્રી નવરાત્રિ, ગુડી પડવો, ઉગાડી, ચેટીચાંદ, નવરેહ પર્વની ધાર્મિક આસ્થા સાથે ઉજવણી થઈ રહી છે.
- સુમિત નાગલ ઇટાલીના માટ્ટેઓ આર્નોલ્ડીને હરાવીને મોન્ટેકાર્લો માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટની મુખ્ય ડ્રો મેચ જીતનાર પ્રથમ ભારતીય બન્યો.
- IPL ક્રિકેટમાં, ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને 7 વિકેટે હરાવ્યું.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECATION

ચૂંટણી પંચે જણાવ્યું છે કે, લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે નામો પરત ખેંચાયા બાદ એક હજાર છસો પચીસ ઉમેદવારો મેદાનમાં છે.

આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો માટે 19 એપ્રિલે મતદાન થશે. પ્રથમ તબક્કામાં તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પુડુચેરીમાં ચૂંટણી યોજાઈ રહી છે.

------------------------

# PM-MP RALLY- ASSAM-AMIT SHAH

આસામ અને મધ્યપ્રદેશમાં સ્ટાર પ્રચારકોની રેલીઓ સાથે લોકસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના બાલાઘાટમાં રેલીને સંબોધશે. તેમણે રવિવારે જબલપુરમાં રોડ શોનું નેતૃત્વ કર્યું હતું. શ્રી મોદી આજે બપોરે બાલાઘાટના ઉત્કૃષ્ટ મેદાનમાં જાહેર રેલીને સંબોધશે.

ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે બપોરે આસામના ઉત્તર લખીમપુરમાં જાહેર સભા કરશે તથા સાંજે તેઓ તિનસુકિયા ખાતે રોડ શો કરશે. અન્ય પક્ષો પણ પોતાના પક્ષના ઉમેદવારો માટે બેઠકો યોજી રહ્યા છે.

AAP નેતા આતિશીએ ગઈકાલે પાર્ટીના ઉમેદવાર માટે દુલિયાજણ ખાતે રોડ શો યોજ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પ્રથમ તબક્કાની ચૂંટણીમાં આસામની પાંચ બેઠકો માટે 35 ઉમેદવારો મેદાનમાં છે. બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશમાં ગઈકાલે સિવની અને શહડોલમાં બે રેલીઓને સંબોધિત કરી હતી, જેમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચનોનો ઉલ્લેખ કર્યો હતો. બીજા તબક્કામાં મધ્યપ્રદેશની સાત લોકસભા બેઠકો માટે ૪૪ ઉમેદવારો મેદાનમાં છે. ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે ગઈકાલે 5 ઉમેદવારોએ પોતાના નામ પાછા ખેંચ્યા હતા. બીજા તબક્કાનું મતદાન આગામી 26 અપ્રિલે થશે.

------------------------

# CONGRESS-EC

કોંગ્રેસે ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા અંગે કરાયેલા અવલોકનો બાબતે કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ વિરોધ નોંધાવ્યો છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદના વડપણ હેઠળ પક્ષના પ્રતિનિધી મંડળે ગઈકાલે દિલ્હીમાં ચૂંટણી પંચ સમક્ષ વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસે આ મુદ્દાને ગંભીરતાથી લઇને આ અંગે કાર્યવાહી કરવાની વિનંતી ચૂંટણીપંચને કરી છે. દરમિયાન, કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ જણાવ્યું છે કે, કોંગ્રેસે યુનિવર્સિટીઓમાં પ્રધાનમંત્રીના હોર્ડિંગ લગાવવા તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કેટલીક યુટ્યુબ ચેનલો ઉપર પ્રતિબંધ મુકવાનો મુદ્દો પણ ઉઠાવ્યો છે.

તેમણે કહ્યું કે, અત્યારે લોકસભાની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ છે ત્યારે ચૂંટણી પંચે આ બાબતે ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે.

------------------------

# MAHARASHTRA-GUDI PADWA

દેશમાં આજે ચૈત્રી નવરાત્રિ, ઉગાડી, ગુડ પડવો, ચેટીચાંદ, નવરેહ અને સાંજીબુ ચિરોબા પર્વની ધાર્મિક અસ્થા સાથે ઉજવણી થઈ રહી છે.

આજથી શરૂ થતી ચૈત્રી નવરાત્રિ નિમિત્તે દેશભરના માઈ મંદિરોમાં વિશેષ આયોજનો કરાયા છે. વૈષ્ણવ દેવી ખાતે વિશેષ શણગારો કરાયા છે, તો ગુજરાતના પાવાગઢ ખાતે શ્રદ્ધાળુઓ માટે વન-વે પથ તૈયાર કરાયો છે.

તેલુગુ લોકો આજે ઉગાડી પર્વની અને મરાઠી લોકો ગુડ પાડવાની ઉલ્લાસભેર ઉજવણી કરી રહ્યા છે. મરાઠી લોકોના નવા વર્ષ ગુડી પડવા નિમિત્તે મહારાષ્ટ્રમાં આજે ભવ્ય રેલીઓ નીકળશે.

આ પર્વમાં રંગોળી અને પરંપરાગત ગુડી સજાવીને ઘરના આંગણે રાખવામાં આવે છે તથા કેરી અને લીમડાના પાનનું મિશ્રણ પ્રસાદ તરીકે લેવામાં આવે છે. વસંતના આગમનને ચિહ્નિત કરીને, ગુડી પડવાનો તહેવાર મુંબઈ અને મહારાષ્ટ્રમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

------------------------

# PREZ/ VP- FESTIVALS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લોકોને ઉગાદી, ગુડી પડવા, ચેટીચાંદ, ચૈત્ર શુક્લાદી, નવરેહ અને સાજીબુ ચેઈરોબાની શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી ધનખરે જણાવ્યું હતું કે, વિવિધ નામોથી આ તહેવાર ઉજવવામાં આવે છે પરંતુ તેના મૂળમાં સમાન આનંદ સાથે, આ તહેવારો આપણા રાષ્ટ્રના વિવિધ ખૂણામાં પરંપરાગત નવા વર્ષની શરૂઆતને દર્શાવે છે, જે આશા, સમૃદ્ધિ અને નવીનીકરણનું પ્રતીક છે. ઉપરાષ્ટ્રપતિએ લોકોને વિવિધતામાં એકતાની ભાવના ઉજાગર કરવા આહ્વાન કર્યું હતું. તેમણે આશા વ્યક્ત કરી કે આ નવું વર્ષ સૌના જીવનમાં સમૃદ્ધિ, ખુશીઓ અને સારા સ્વાસ્થ્ય લઈને આવશે.

------------------------

# NCERT-COPYRIGHT

રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ- NCERTએ જણાવ્યું છે કે, તેમના પાઠ્યપુસ્કોની સામગ્રીનો પૂર્વ મંજૂરી વિના વ્યવસાયિક ધોરણે ઉપયોગ કરનાર વ્યક્તિ કે સંસ્થા સામે કોપીરાઇટ ધારા હેઠળ કાયદેસર કાર્યવાહી કરાશે. સત્તાવાર યાદીમાં વધુમાં જણાવ્યું છે કે, જો કોઇ નાગરિકને NCERTના પાઠ્યપુસ્તકોના આધારે પૂર્વ મંજૂરી વગર શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ થયેલો જણાય તો તે નાગરિકને pd- ડોટ-NCERT AT NIC ડોટ IN ઇન પર તરત જ જાણ કરવા નિર્દેશ અપાયો છે.

-------------------------

# PARIVARTAN CHINTAN

સેનાના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે દેશની સેનાની યુધ્ધ ક્ષમતા અને અસરકારક કામગીરીની ક્ષમતા વધારવા માટે આગવી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર ઉપર ભાર મૂક્યો છે. ગઈકાલે દિલ્હીમાં સેનાની ત્રણેય પાંખોના અધિકારીઓની યોજાયેલી પરિવર્તન ચિંતન પરિષદમાં તેઓ સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, આ હેતુથી સેનાની ત્રણેય પાંખોની ક્ષમતાઓનું સંકલન કરવું જરૂરી છે. આ બેઠકમાં સેનાના અધિકારીઓએ રાષ્ટ્રીય સલામતી અને નાગરિકોને અસર કરતાં વ્યૂહાત્મક મુદ્દાઓ અંગે પણ વિગતવાર ચર્ચા કરી હતી. ચીફ ઓફ સ્ટાફ કમિટીના લેફ્ટનન્ટ જનરલ જે.પી. મેથ્યુએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ પ્રકારની પરિષદ સેનાની ભાવિ વ્યૂહ રચના અને સજ્જતા ઘડવામાં મદદરૂપ થશે.

-------------------------

# IMD-HEAT-WAVE

હવામાન વિભાગે ગુજરાતના દરિયાકિનારા વિસ્તારો તેમજ તમિળનાડુ, પુદુચેરી અને કેરળમાં વધુ મહત્તમ તાપમાન તેમજ ભેજવાળું હવામાન રહેવાની આગાહી કરી છે.

એવી જ રીતે, આગામી 24 કલાક દરમિયાન આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઉત્તર કર્ણાટક અને મધ્ય ભારતના કેટલાક વિસ્તારોમાં ગરમીનું મોજુ યથાવત રહેવાની

શક્યતા દર્શાવી છે. તો બીજી તરફ, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, આસામ સહિત ઇશાન ભારતના ઘણા રાજ્યોમાં ઘણા સ્થળે આગામી સાત દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આ ઉપરાંત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિદર્ભ તેમજ મરાઠવાડાના ઘણા વિસ્તારોમાં મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

-------------------------

# NEW-ZEALAND-VISA

ન્યૂઝીલેન્ડ સરકારે ઇમીગ્રેશન નિતીમાં સુધારો કરવાના ભાગરૂપે કેટલાક વસાહતીઓ માટે વિઝાના નિયમો વધુ કડક બનાવવાનો નિર્ણય લીધો છે.

ન્યૂઝીલેન્ડના ઇમીગ્રેશન મંત્રી એરિકા સ્ટેનફોર્ડે જણાવ્યું છે કે, કોરોનાના કપરા સમય બાદ વર્ષ 2022માં અમલમાં મુકાયેલા એમ્પ્લોયર વર્કર વિઝાના નિયમોમાં સુધારો કરાશે. કોરોના બાદ કર્મચારી ગણની સંખ્યામાં ઉભી થયેલી ઘટને દૂર કરવા વર્ષ 2022માં વિઝાના નિયમો બદલવામાં આવ્યા હતા.

-------------------------

# ED-SUN PARIVAR PONZI SCHEME

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સન પરિવાર પોન્ઝી સ્કીમ કેસમાં મેથુકુ રવિન્દર અને તેના પરિવારના સભ્યોની 25 કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની વિવિધ જંગમ અને સ્થાવર મિલકતો જપ્ત કરી છે.

ED એ આરોપી મેથુકુ રવિન્દર અને તેના નજીકના સહયોગીઓ સામે તેલંગાણા પોલીસ દ્વારા નોંધાયેલ વિવિધ FIRના આધારે તપાસ શરૂ કરી હતી, કારણ કે, રોકાણ પર ઉચ્ચ વળતરની ઓફરની આડમાં સામાન્ય લોકો અને રોકાણકારો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી.

મેથુકુ રવિન્દર અને તેના સહયોગીઓએ દસ હજારથી વધુ લોકો સાથે છેતરપિંડી કરી અને તેમની પાસેથી લગભગ 158 કરોડ રૂપિયા વસૂલ્યા હતા. EDની તપાસમાં જણાયું છે કે, આરોપીઓએ રોકાણ પર દર વર્ષે 100 ટકા સુધીનું વળતર આપીને રોકાણકારોને છેતરવા માટે વિવિધ યોજનાઓ શરૂ કરી હતી.

-------------------------

# IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં, ચેન્નાઈ સુપર કિંગ્સે ગઈકાલે કોલકાતા નાઈટ રાઈડર્સને સાત વિકેટે હરાવ્યું છે. ચેન્નાઈએ ત્રણ વિકેટ ગુમાવીને 141 રન બનાવ્યા હતા. કેપ્ટન રિથુરાજ ગાયકવાડે 58 બોલમાં અણનમ 67 રન બનાવ્યા હતા.

પહેલા બેટિંગ કરવા ઉતરેલી કોલકાતાની ટીમે નવ વિકેટના નુકસાને 137 રન બનાવ્યા હતા. કોલકાતા માટે શ્રેયસ અય્યરે 32 બોલમાં 34 રન બનાવ્યા હતા. ચેન્નાઈ માટે તુષાર દેશપાંડે અને રવિન્દ્ર જાડેજાએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી, જ્યારે મુસ્તફિઝુર રહેમાને બે વિકેટ ઝડપી હતી.

આજે ચંદીગઢમાં પંજાબ કિંગ્સનો મુકાબલો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે થશે. મેચ IST સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

-------------------------

# TENNIS

સુમિત નાગલ ઇટાલીના માટ્ટેઓ આર્નોલ્ડીને હરાવીને મોન્ટેકાર્લો માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટની મુખ્ય ડ્રો મેચ જીતનાર પ્રથમ ભારતીય બન્યો છે.

સુમિત, માટ્ટેઓ આર્નાલ્ડીને હરાવીને પ્રથમ વખત બીજા રાઉન્ડમાં પહોંચ્યો છે. સુમિતે આર્નોલ્ડીને 5-7, 6-2, 6-4થી હરાવ્યો હતો. બીજા રાઉન્ડમાં તેનો મુકાબલો ડેનમાર્કના હોલ્ગર રુન સામે થશે. આ ત્રીજી વખત છે જ્યારે નાગલે ટોચના 50માં સ્થાન મેળવનાર ખેલાડીને હરાવ્યો છે

-------------------------

# BADMINTON ASIA CHAMPIONSHIP

બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપની 2024 આવૃત્તિ આજથી ચીનના નિંગબોમાં શરૂ થશે. એચએસ પ્રણય, કિદામ્બી શ્રીકાંત, લક્ષ્ય સેન, પીવી સિંધુ અને અન્ય સહિત સ્ટાર ખેલાડીઓ ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ કરશે.

મેન્સ સિંગલ્સમાં, એચએસ પ્રણયનો મુકાબલો ચીનના લુ ગુઆઝૂ સામે થશે જ્યારે કિદામ્બી શ્રીકાંત શરૂઆતના રાઉન્ડમાં ઈન્ડોનેશિયાના એન્થોની ગિંટીંગ સાથે ટકરાશે. દરમિયાન, લક્ષ્ય સેન પ્રથમ રાઉન્ડમાં ટોચની ક્રમાંકિત શિ યુ ક્વિ સામે ટકરાશે. વિમેન્સ સિંગલ્સમાં પ્રથમ રાઉન્ડમાં પીવી સિંધુનો મુકાબલો મલેશિયાની ગોહ જિન વેઈ સામે થશે.

મેન્સ ડબલ્સમાં એમઆર અર્જુન અને ધ્રુવ કપિલાની જોડી ચીનના લિયુ યુ ચેન અને ઓઉ ઝુઆન યી સામે ટકરાશે. મહિલા ડબલ્સમાં, તનિષા ક્રાસ્ટો અને અશ્વિની પોનપ્પાની જોડીનો મુકાબલો ઈન્ડોનેશિયાની ફેબ્રિયાના દ્વિપુજી કુસુમા અને અમાલિયા ચાહયા પ્રતિવી સાથે થશે

આ સ્પર્ધા આ વર્ષે જુલાઈમાં યોજાનારી 2024 પેરિસ ઓલિમ્પિક પહેલા ખેલાડીઓને તેમના રેન્કિંગ વધારવાની તક પૂરી પાડશે.

------------------------